## એક ઓલિયા
## નામે મહાદેવ દેસાઈ

## એક જીવન,
## અનેકાનેક પ્રેરણા-સ્રોત



# અબ
# તુમ્હારે હવાલે વતન,
# સાથીઓ!

મહાદેવભાઈ દેસાઈ- એક હતા તેમના નામધારી ગાંધીજીના મદદનીશ, અને બીજા હતા આપણા ગાંધીપ્રેમી મહાદેવભાઈ. ક્યારેય તેનું કોઈ અભિમાન નહીં, પણ ગાંધીજીના પ્રામાણિકતા, સત્યનિષ્ઠા, સાદગી, કરકસર જેવા અનેક ગુણો જેમણે પચાવ્યા હોય, અને જેમના જીવનમાં એ સતત જોઈ શકાતા હોય તેવા દુર્લભ મનુષ્યોમાંના તેઓ એક હતા.

તેમની સમીપ આવનારા અને તેમને નિકટતાથી જાણનારા સૌ તેમના અત્યંત સંવેદનશીલ સ્વભાવથી વાકેફ – કેટલું ઋજુ હૃદય! પરિવારથી લઈને રાષ્ટ્રહિત સુધીની ચિંતા કરવાનું અને નિભાવવાનું ગજું અને છતાં બધી પીડા-વેદનાને નીલકંઠની જેમ પોતાના સુધી સીમિત રાખી જીરવી શકવાની ક્ષમતા. જાણે મહાદેવનું નામ સાર્થક કરવાની પ્રતિજ્ઞા ન લીધી હોય. એમનું કાળજું ફાટી કેમ નહીં જતું હોય? એવું મને વારંવાર થતું.

વાંચનના રસિયા અને મહાપ્રચારક – કોઈ એક વ્યક્તિએ પુસ્તક-વાંચનના માહાત્મ્યને લગભગ એકલા હાથે આટલું પ્રસરાવ્યું હોય તેવો કોઈ વિરલો ભારતભરમાં હશે ખરો? વળી વાંચન અને ચિંતન તેમના માટે કેવળ બૌદ્ધિક કે વાંઝણી પ્રવૃત્તિઓ નહોતી- કર્મ માટેની પ્રેરણા અને ભાથું હતાં.

ખૂબ સારા વક્તા- દળદાર કંઠની નૈસર્ગિક દેણગી અને હૃદયમાંથી ઊઠતા શબ્દો- તેઓ જ્યારે બોલતા ત્યારે તેમને શ્રોતાઓ અવગણી શકતા નહીં. છતાં અકારણ ભાષણો આપવાનો એમને કોઈ મોહ નહોતો.

તેમના જીવનને અર્થપૂર્ણ બનાવવા તેમને ૨૪ કલાક ઓછા જ પડતા. રાષ્ટ્રઘડતર માટે સમર્પિત કાર્યકર, પણ પ્રગલ્ભ વિચારક અને સ્વપ્નદ્રષ્ટા. ઓએસિસના **'હું છું જ્યોતિર્ધર'** પ્રોજેક્ટના એ જન્મદાતા. આ પ્રોજેક્ટ એમનો પ્રાણ હતો. દેશના ભવિષ્ય માટે બાળકો, અને બાળકોના જીવનઘડતર માટે શિક્ષકોની ભૂમિકા તેઓ ખૂબ સારી રીતે પિછાણતા હતા. પોતાના જીવનકાળમાં પરિણામ જોવા નહીં મળે તે જાણવા છતાં આ પ્રોજેક્ટ માટે આકાશપાતાળ એક કરતા.



ઓલિયા એવા કે ખાવાપીવા કે પોશાક વગેરેની કોઈ ઝંઝટ નહીં. ચિંતા અનેકોની કરતા, પણ ક્યારેય ખોટી ગપસપ કરતા નહીં. નખશિખ સજ્જન, શાલીન અને સંસ્કારીપણાની સાક્ષાત્ મૂર્તિ સમાન.

ઋજુ ખરા પણ ઢીલા નહીં. એક સાચા અર્થમાં મર્દ કે ભડ માનવનું તેમનું વ્યક્તિત્વ હતું. જ્યારે મિત્રો સંકટમાં હોય ત્યારે તેમનાથી અંતર બનાવનારાઓમાંના કે ફેન્સ ઉપર બેસી રહેનારાઓમાંના તેઓ નહોતા. તાજેતરમાં જ ઓએસિસ વિશે મીડિયામાં થતા અપપ્રચારથી એમનું લોહી ઊકળી આવ્યું અને નવસારીથી વડોદરા પોલીસ કમિશ્નરને 'ઓએસિસ ખોટું કરે જ નહીં'ની રજૂઆત કરવા દોડી આવ્યા. સંવેદનશીલતા અને હિંમતનો, દોસ્તી અને વફાદારીનો આવો સુભગ સંગમ જવલ્લે જ જોવા મળે.

આવા ઊંચા ચારિત્ર્યના સ્વામીને આપણે શું શ્રદ્ધાંજલિ આપીશું? એ સાચું છે કે તેઓ અણધાર્યા, અનેક કામો જાણે અધૂરાં મૂકી ચાલી ગયા. પરંતુ તેમનાં કાર્યોને એવી ઊંચાઈ

બક્ષીને ગયા છે જેને અવગણી શકાશે નહીં. ૬૭ વર્ષના આયખામાં કોઈ ન કરી શકે એટલો વારસો તેઓ આપીને ગયા છે. કેવળ શબ્દોની ઠાલી અંજલિ કર્મયોગીને ખપે નહીં. આપણા સૌ પર એ જવાબદારી મૂકીને અને પડકાર આપીને ગયા છે. તેમને જોઈએ છે આપણો અંતરમનમાં તેમના જેવા ગુણો ખીલવવાનો અને કશુંક કરી છૂટવાનો એક શાંત અને મક્કમ નિર્ધાર - કોઈ બાહ્ય ઔપચારિક સંદેશ માત્ર નહીં.

ગાંધીજીના મદદનીશ મહાદેવભાઈ દેસાઈનું જ્યારે અવસાન થયું, ત્યારે કહે છે કે ગાંધીજી તેમના મૃતદેહને સંબોધી "મહાદેવ, મહાદેવ" પોકારતા હતા. કોઈએ તેમને પાછળથી પૂછ્યું કે તેઓ આવું કેમ કરતા હતા, તો તેમણે ઉત્તર આપ્યો કે મહાદેવે ક્યારેય તેમની આજ્ઞા ઉથાપી નહોતી, તો તેમને લાગ્યું કે તેમનો અવાજ સાંભળીને કદાચ મહાદેવ ઊભા થઈ જાય!

આપણા સૌના, અનેકોનાં હૃદયમાંથી પણ તેમના અવસાનના સમાચારથી આ લાગણી અજાગૃતપણે ઊઠી હશે- "મહાદેવભાઈ, આમ અચાનક? આટલું જલ્દી? કેમ? નહીં નહીં. આ બરાબર નથી. આ અમને જરા પણ મંજૂર નથી. આ ચીટિંગ છે... તમે અમને છેતરીને, કશું કરવાનો મોકો આપ્યા વિના આમ ક્ષણાર્ધમાં અમને છોડીને ચાલી નીકળી શકો નહીં..."

પણ તેઓ જાણે આપણને યાદ અપાવી રહ્યા છે,
"દોસ્તો, આ જ જીવન છે, આ જ જીવનનો સ્વભાવ છે. કોઈ અફસોસ વિના હું ભરપૂર જીવન જીવી ગયો છું. જીવનભર શીખતો રહ્યો છું. ક્યારેય 'હું ને મારા'ના સંકુચિતપણામાં પડ્યા વિના નિ:સ્વાર્થભાવે સમાજને જે પણ અપાય તે આપતો રહ્યો છું. મારા હૃદયમાં મારો દેશ જ મારો પરિવાર હતો અને માનવતા જ મારો ધર્મ. અબ તુમ્હારે હવાલે વતન, સાથીઓ!"

**સંજીવ શાહ**
ઓએસિસ મુવમેન્ટ